**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૨ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૨ ટકા

# ટેલેન્ટની ધોધમાર રમઝટ સાથે સ્પાર્કર્સ-૨૦૧૭નું સમાપન



સ્પાર્કસ-૨૦૧૭માં કાશ્મિર સરહદે શહીદ થયેલા વીર જવાનો તથા તાજેતરમાં અમરનાથ યાત્રા દરમિયાન આતંકવાદી હુમલામાં મૃત્યુ પામનાર શ્રધ્ધાળુ યાત્રિકોને ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામે હાથમાં મીણબત્તી લઈ મૌન પાળી શ્રધ્ધા સુમન અર્પિત કર્યા હતા.







ગાંધીનગર, તા.૧૯

સેકટર-૨૧માં માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે યોજાયેલ ઈન્ટર સ્કૂલ ટેલેન્ટ હન્ટ કાર્યક્રમ 'સ્પાર્કર્સ'નું આજે સમાપન થયું હતું. ત્રિદિવસીય આ કાર્યક્રમમાં શહેરની ૩૨ શાળાઓના ૩૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિવિધ સ્પર્ધાઓમાં પોતાની પ્રતિભાનું પ્રદર્શન કરતા એક કરતા એક ચઢિયાતી કૃતિઓ રજૂ કરી હતી. શુભારંભ પ્રસંગે રાજયના મુખ્ય માહિતી નિયામક વી.એસ. ગઢવી તથા સમાપન પ્રસંગે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતિમ દિવસે ગૃપ તથા સોલો ડાન્સની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સોલો ડાન્સમાં પ્રથમ ક્રમે હિલવુડસ સ્કૂલ, દ્વિતિય ક્રમે માઉન્ટ કાર્મેલ તેમજ તૃતીય ક્રમે વસંતકુંવરબા સ્કુલ વિજેતા બની હતી. આ સાથે ગૃપ ડાન્સમાં પ્રથમ ક્રમે જમનાબાઈ નારસી સ્કૂલ, દ્વિતિય ક્રમે રંગોલી ઈન્ટરનેશનલ અને તૃતીય ક્રમે માઉન્ટ કાર્મેલ તથા એમ.બી. પટેલ સ્કૂલ સંયુકત વિજેતા થયા હતા. આ ઉપરાંત સ્પાકર્સમાં કવીઝ, શૉ યોર ટેલેન્ટ, તબલાવાદન, વાયોલીન વાદન, ગીટાર વાદન, જિમ્નેસ્ટીક, તલવારબાજી, સ્કૂલ બેન્ડ, મોનો એકિંટગ, સ્ટેન્ડ અપ કોમેડી, સમૂહ ગીત અને કવ્વાલી જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. સ્પર્ધાના અંતિમ દિવસે નિર્ણાયક તરીકે ભાવિન પટેલ, કુલદીપ શુકલ તથા ખુશ્બુ શુકલએ સેવાઓ આપી હતી.

કાર્યક્રમના સમાપન પ્રસંગે કૃષ્ણકાંત જહાએ જણાવ્યું હતું કે 'સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ થકી જ ઉત્તમ નાગરિકોનું નિર્માણ થાય છે.' કાર્યક્રમના અંતમાં શાળાના આચાર્યા સીસ્ટર રેણુકાએ આભારદર્શન વ્યકત કર્યું હતું. સમાપન કાર્યક્રમમાં તમામ સ્પર્ધામાં વિજેતાઓને ટ્રોફી એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા.

## આવતીકાલે ટાઉનહૉલમાં સસ્પેન્સ થ્રીલર નાટક 'ચેકમેટ' ભજવાશે

ગાંધીનગરના એની ટાઈમ મસ્તી (એટીએમ) કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા તા. ૨૧મી જુલાઈ શુક્રવારના રોજ ટાઉનહોલ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે સસ્પેન્સ થ્રીલર નાટક 'ચેકમેટ'નું આયોજન કરવામાં આવ્યું છે. ડાયમન્ડ સીટી પ્રોડકશન દ્વારા નિર્માતા તેજસ ટેલર નિર્મિત નાટક 'ચેક મેટ'ના લેખક સૌમિલ કીકાણી છે તથા તેનું દિગ્દર્શન મુનીર ખાન દ્વારા કરવામાં આવ્યુ છે. સત્ય અસત્યના દ્વંદમાં રમાતી રમત રજૂ કરતા 'ચેકમેટ'માં નિતિન મોર્ય, ધ્વનિત ત્રિવેદી, કૃણાલ પારેખ, નિતુલ લંકાપતિ, સૌમિલ કીકાણી સહિત અન્ય કલાકારોએ અભિનયના અજવાળા પાથર્યા છે.

## રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન કોંગ્રેસ માટે વિજ્ઞાન શિક્ષકોની તાલીમ યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે જિલ્લાની ૧૦૦ જેટલી સાયન્સ કલબોના વિજ્ઞાન શિક્ષકોનો તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે એન્જિનીયર-રિસર્ચર વસંતભાઈ પટેલ, આર.જે.કન્યા વિદ્યાલયના સુપરવાઈઝર ગિતેષભાઈ પટેલ, નિવૃત્ત શિક્ષક ચંદુભાઈ પટેલ, નિસર્ગ સાયન્સના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજકોસ્ટ દ્વારા રાજયમાં આશરે ૨ હજાર શાળાઓમાં વિજ્ઞાન કલબ ચલાવાય છે. જેમાં વિજ્ઞાન વિષયક પ્રવૃત્તિઓ, સેમિનાર્સ, વિજ્ઞાનલક્ષી દિવસોની ઉજવણી તથા




વર્કશોપ વગેરે કરવામાં આવે છે. આ પ્રકારની આશરે ૧૦૦ જેટલી વિજ્ઞાન કલબોની જવાબદારી નિસર્ગ સાયન્સને સોંપવામાં આવી છે. જેના વિજ્ઞાન શિક્ષકોને તાલીમ આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં ડૉ. અનિલ પટેલે ગુજકોસ્ટ દ્વારા હાથ ધરાતા કાર્યક્રમો અંગે વિગતવાર માહિતી આપી હતી. આ સાથે તેમણે રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન કોંગ્રેસ ૨૦૧૭ આ વર્ષે ગુજરાતના યજમાન પદે યોજાવાની હોઈ તેમાં વધુને વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે શિક્ષકોને તાલીમ આપી હતી. ગિતેષ પટેલે શિક્ષકોને બાલ વિજ્ઞાન કોંગ્રેસ માટે શિક્ષકોને જિલ્લાની પરિસ્થિતિને અનુરૂપ કેવા પ્રોજેકટ રજુ કરી શકાય તે અંગે માહિતી આપી હતી.

તાલીમ કાર્યક્રમમાં જિલ્લાના પ્રાથમિક શાળાના ૧૦૦ જેટલા વિજ્ઞાન શિક્ષકો તેમજ માધ્યમિક શાળાના ૯૦ જેટલા શિક્ષકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા કો. ઓર્ડિનેટર હાર્દિક મકવાણા તથા શિવાંગ પટેલે જહેમત ઉઠાવી હતી.

## સે-૨૫માં રહેતા યુવાનનો ગળેફાંસો ખાઈ આપઘાત

ગાંધીનગર શહેરમાં આવેલા સે-૨૫ ખાતે રહેતા ૨૯ વર્ષિય પરણીત યુવાને મોડી રાત્રે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર પંખે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. ઘણા સમયથી ટી.બી ની બિમારીથી પિડાતા આ યુવાને ક્યા કારણોસર આપઘાત કર્યો તે બાબત હજુ સુધી સ્પષ્ટ થયુ નથી. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ કરાવી વધુ તપાસ શરુ કરી છે.

શહેરનાં સેક્ટર-૨૫ એ પ્લોટ નં.૧૨૭ ખાતે રહેતા ૨૯ વર્ષિય યુવાન દિપક નગીનદાસ પુરાણી ટી.બી નાં રોગનો શિકાર બન્યો હતો. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે તેની દવાઓ ચાલતી હતી. તેના લગ્ન બાદ પત્નિ આણુ કરીને એકાદ વાર ઘરે આવી હતી. બિમારીથી પિડાતા દિપકે ગઈ રાત્રે પોતાના ઘરમાં જ પંખે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. પરિવારજનોને રાત્રે સવા બારે ગળેફાંસા અંગે જાણ થતા પગતળેથી જમીન સરકી ગઈ હતી. પોલીસને ઘટનાની જાણ થતા પોલીસ સ્થળ પહોંચી ગઈ હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. યુવાને કરેલા આપઘાતનું કારણ હજુ સ્પષ્ટ થયુ નથી પરંતુ પ્રાથમિક પોલીસ તપાસમાં યુવાને બિમારીથી કંટાળી અંતિમ પગલુ ભર્યુ હોવાનું મનાઈ રહ્યુ છે.

## આઈ લવ માય ગાંધીનગર



**દિપલ પરમાર**

**કોરિયોગ્રાફર, એન્કર, એક્ટર**

**ગાંધીનગર ગમે**

રહેવા માટે આ નગર શ્રેષ્ઠ છે. ઉપરાંત, આ નગરે મને શિક્ષણ, ઓળખ અને રોજગાર આપ્યો છે. એટલે આ શહેર મને ખૂબ ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, કલા, સંસ્કૃતિપ્રેમી અને પારકાંને પોતાનાં કરી લે એવાં પ્રેમાળ નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરમાં થતી કલા-સાંસ્કૃતિક-સેવા પ્રવૃત્તિ ગમે છે.

જી ઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન, પ્લગ-ઈન્સ એન્ટરટેઈનમૅન્ટ્સ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, રેડ ક્રૉસ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**

નગરનું યુવાધન સશક્ત છે, પરંતુ ભટકેલું છે અથવા સ્વવિકાસ કે સમાજવિકાસના માર્ગે હજુ નથી વળ્યું. એમને આ માર્ગે વાળવામાં આવે તો નગર અવશ્ય બહેતર બની શકે એમ છે.

**નગર માટે હું કરી શકું**

કલા સંવર્ધન અને વ્યક્તિત્વ વિકાસના ઉપક્રમો માટે મારી સેવા આપવા હું તૈયાર છું.

## વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજ ખાતે રાષ્ટ્રીય સ્તરના સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજ, ચાંદખેડા ખાતે આઈઈઆઈ સ્ટુડન્ટ ચેપ્ટર, મિકેનીકલ વિભાગ દ્વારા તા. ૨૧-૨૨ જુલાઈ ૨૦૧૭ના રોજ ઈન્સ્ટીટયુશન ઓફ એન્જિનિયર્સ ઈન્ડિયાના સહયોગથી 'ફન્ડા મેન્ટલ્સ એન્ડ ટ્રેન્ડસ ઈન એડિટીવ મેન્યુફેકચરીંગ' વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય સ્તરના સેમિનારનું આયોજન કરેલ છે. વિવિધ વિષયના તજજ્ઞો જી.કે. રાવ, શ્રીનિવાસ ગીરીક્રીપારથી, ડૉ. સારંગ પાંડેય, ડૉ એ.બી. ધ્રુવ અને શ્રી પરેશ દેશપાંડે પ્રખર વ્યાખ્યાન આપશે. જેમાં કોલેજના ૧૫૦ વિદ્યાર્થીઓ અને ૨૫ સ્ટાફ મેમ્બર્સ ભાગ લેશે. આ સેમિનારમાં મુખ્ય અતિથિ તરીકે ચેન્નઈની વેલટેક યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. ડૉ. યુ. ચંદ્રશેખર અને અતિથિ વિશેષ તરીકે વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજના આચાર્ય ડૉ. રાજુલ ગજ્જર ઉપસ્થિત રહેશે. ઈન્સ્ટીટયુશન ઓફ એન્જીનીયર્સ ઈન્ડિયાના ભૂતપૂર્વ ચેરમેન એસ.જે. દેસાઈ અને સેક્રેટરી એચ.યુ. કલ્યાણી જરુરી માર્ગદર્શન પુરું પાડશે.

## ચિલોડા પોલિસ સ્ટેશન ખાતે વનમહોત્સવ ઉજવાયો



ચિલોડા, તા.૧૯

તાલુકાના ચિલોડા પોલિસ સ્ટેશન તથા હોમ ગાર્ડઝ સબ યુનિટ ચિલોડાના સંયુકત ઉપક્રમે પી.આઈ.એલ.ડી. વાઘેલા તથા હોમગાર્ડઝ સબ યુનિટના ઈન્ચાર્જ ઓફિસરની દેખરેખ તથા માર્ગદર્શનમાં વનમહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. વન મહોત્સવ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ વનમહોત્સવ પ્રસંગે ચિલોડા પોલિસ સ્ટેશનના પી.આઈ. એલ.ડી. વાઘેલા, ગામના અગ્રણી નટુભાઈ પટેલ, ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકી તથા પોલિસ કર્મી, હોમગાર્ડઝ જવાનો વગેરેએ હજર રહી વૃક્ષારોપણ કર્યું હતું.

## સ્ટેટ બેંક પેન્શનર્સ એસોસિએશનનો સન્માન સમારંભ યોજાયો



ભારતીય સ્ટેટ બેંક નિવૃત્ત અધિકારી ગણ, ગાંધીનગર દ્વારા, સ્ટેટ બેંક ઓફ ઈંડીયા પેન્શનર્સ એસોસીએશન, ગુજરાતના તાજેતરમાં ચુંટાયેલ હોદેદારોનો સન્માન સમારંભ, ઝોનલ ઓફીસ, ગાંધીનગર ખાતે યોજાઈ ગયો. જેમાં પ્રમુખ શ્રી સુરેશભાઈ રીંડાણી, જનરલ સેક્રેટરી શ્રી એસ. સી. ગોર, ઉપ પ્રમુખ શ્રી એમ.ડી. પંજાબી, જોઈન્ટ જનરલ સેક્રેટરી શ્રી ભારદ્વાજ દવે અને શ્રી પી.બી. શાહ તથા એકઝીક્યુટીવ મેમ્બર્સ શ્રી સુબોધ તુરખીયા અને ગાંધીનગરના શ્રી આઈ. જી. પરમારનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન શ્રી અશોક ત્રિવેદીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં નિવૃત્ત અધિકારીઓ ખુબ જ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા અને ચુંટાયેલા પ્રતિનિધિઓ પ્રત્યે તેમની લાગણી વ્યક્ત કરી હતી.

## જીએસટીનો સફળતાપૂર્વક સંપન્ન થયેલ સેમિનાર

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સેકટર-૧૭ ગાંધીનગર ખાતે નિષ્ણાત વકતા સી.એ. ચિંતન એ. ઠકકર દ્વારા યોજેલ જીએસટીના વિષય પરના સેમિનારનું ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના ૨૦૦ જેટલા અગ્રગણ્ય નાગરિકોએ લાભ લીધો હતો. આ વિષય પર સી.એ. ચિંતન એ. ઠકકર દ્વારા રસપ્રદ માહિતી આપવામાં આવી હતી તથા વિવિધ પ્રકારન વેપાર, ધંધા, ઉદ્યોગ અને વાણિજ્યિક બાબતોને જીએસટી કઈ રીતે લાગુ પડશે તેની તેમણે સરળ સમજુતી આપી હતી. આમ જનતાને જીએસટીના કાયદાથી ગભરાવાની જરૂર નથી તેની વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. સૌનો આભાર માની સેમિનાર સંપન્ન કરવામાં આવ્યો હતો.

# શહેરમાં શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો ૫૦૦ લાભાર્થી લાભ લઈ રહ્યા છે

## ગીફ્ટ સીટી બાજુ પણ શ્રમિક અન્નપૂર્ણા યોજના શરુ કરવાની તંત્રની વિચારણા

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં ભાજપ સરકારે બાંધકામ શ્રમિકો માટે કડીયાનાકા પર માત્ર રૂ.૧૦માં પોષ્ટિક ભોજન આપવાની યોજના પ્રથમ તબક્કામાં રાજયના મુખ્ય શહેરોમાં શરુ કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગર શહેરમાં પણ ગત તા.૧૪ જુનના રોજ સે-૬ કડીયાનાકા ખાતે પ્રારંભ થયો હતો. આજે આ કડીયાનાકા ખાતે શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો અંદાજે ૫૦૦ થી વધુ શ્રમિકો હોંશેહોંશે લાભ લઈ રહ્યા છે. ત્યારે આગામી ટુંક સમયમાં તંત્ર દ્વારા ગીફ્ટ સીટી તરફ પણ શ્રમિક અન્નપૂર્ણા યોજનાની અમલવારીની વિચારણા ચાલી રહી છે. જયારે ગાંધીનગર જિલ્લામાં શ્રમિક અન્નપૂર્ણા યોજનાના ૬૫૦૦ થી ૭૦૦૦ લાભાર્થીઓ નોંધાઈ ચુક્યા છે.

ગાંધીનગર શહેરના સેકટર-૬ કડીયાનાકા ખાતે રાજય સરકાર દ્વારા શ્રમિકો માટે શરુ કરવામાં આવેલ અન્નપૂર્ણા યોજનામાં બાંધકામ સાઈટ પર જતા શ્રમિકો મોટીસંખ્યામાં લાભ લઈ રહ્યા છે. આ યોજના હેઠળ શ્રમિકને માત્ર રૂ.૧૦માં સાત્વિક ભોજન આપવામાં આવે છે. જેમાં ૫ થી ૭ રોટલી, શાક, દાળ-ભાત, અથાણું,



ચટ્ટણી, તેમજ ડુંગળી-મરચાનો સમાવેશ થાય છે. જયારે સોમવારે સુખડી અને શનિવારના રોજ સેવ ટામેટા તેમ અઠવાડીયાનું મેનું તૈયાર કરાયું છે.તે રીતે શ્રમિક લાભાર્થીઓને જમવાનું મળે છે. આ યોજના અંતર્ગત જમવાનું અક્ષયપાત્ર સંસ્થામાંથી તૈયાર થઈને આવે છે. સવારથી ૭ થી ૧૧ દરમિયાન શ્રમિકોને ભોજન આપવામાં આવે છે. જયારે ભોજન માટે શ્રમિકોને બુક આપવામાં આવી છે. બુકમાં નામ હોય અને નોંધણી હોય તેવા જ શ્રમિકોને ભોજન ટીફીનમાં અપાય છે. બુક માટે શ્રમિકોને આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, આધારકાર્ડ, બેંક પાસબુક,તેમજ કોન્ટ્રાકટરનું પ્રમાણપત્ર જરુરી હોય છે. શ્રમિક અન્નપૂર્ણાના વિતરણ સ્થળે એક ફુડ રીંગાઈન્ડીંગ અને બે પીરસનાર માણસ તેમજ શ્રમયોગી કલ્યાણ બોર્ડના કર્મચારીઓ પણ મોજુદ હોય છે. ત્યારે અત્યારે હાલના સમયે તો હોંશેહોંશે ભરપેટ જમતા શ્રમિક પરિવારો સરકારનો આ યોજના માટે આભાર વ્યકત કરી રહયા છે. પરંતુ બીજીતરફ શ્રમિક અન્નપૂર્ણા યોજના માત્ર ચુંટણી સુધી જ સિમીત નહી રહે ને તેવો મનમાં ડર પણ શ્રમિકોને સતાવી રહ્યો છે. પરંતુ સરકારની આ યોજના કાયમ માટે શરુ રહે તેવું લાભાર્થીઓ ઈચ્છી રહ્યા છે.

## @ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં ફુલના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે ફુલના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ, ગાંધીનગર જિલ્લા શાખાના ઉપક્રમે જી ઈ કલબ નિર્મિત અને કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત કૉમેડી નાટક 'નમોની લીલા'નું મંચન શેઠ શ્રી ખીમજી વિસરામ સંસ્કાર ભવન, સર્વ વિદ્યાલય કેમ્પસ, સૅક્ટર-૨૩ ખાતે, બપોરે ૩.૩૦ કલાકે.

## વાતવાતમાં

● રાજયના ઈતિહાસમાં પ્રથમવાર પોલિસ ઈન્સ્પેકટરની સીધી ભરતી પ્રક્રિયા માટે પરીક્ષાની જાહેરાત કરવામાં આવતા સ્પર્ધાત્મક પરીક્ષા થકી પોલિસ તંત્રમાં નોકરી વાંચ્છુ ઉમેદવારોમાં રોમાંચ વ્યાપી જવા પામ્યો છે. જાહેરાતમાં જણાવાયેલ સિલેબસ મુજબનું મટિરિટલ્સ તથા પુસ્તકો પ્રાપ્ત કરવા ઉમેદવારોએ બુકસ્ટોલ્સ પર પડાપડી કરવા માંડી છે.

● સેકટર-૨૨માં સાંજના સુમારે એક સોસાયટીમાં કૂતરાં અને વાંદરા વચ્ચે ફાઈટ થતા વાંદરાએ જખ્મી હાલતમાં એક મકાનના કંપાઉન્ડમાં આશરો લીધો હતો. આ વાંદરાને બચાવી લેવા રહીશ દ્વારા શહેરના જીવદયા પ્રેમીઓની મદદ લેવામાં આઆવી હતી.

● સિવિલ હોસ્પિટલ સંકુલમાં ઘણા સુકાઈ ગયેલા પડી જાય તેવા જોખમી તથા નડતરરૂપ વૃક્ષો હતા. આ વૃક્ષોને આજે કાપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા નોટબુક-બોલપેનનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૯

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર દ્વારા ગાંધીનગર જિલ્લાના ટીંટોડા, ભોંયણ રાઠોડ, પુન્દ્રાસણ અને પીંડાયડા પ્રાથમિક શાળાઓના ધોરણ-૫-૬-૭ અને ૮ના ૭૦૦ બાળકોને ૨૫૦૦ નંગ નોટબુકસ તેમજ ૧૩૦૦ નંગ બોલપેનોનું વિતરણ કરવામાં આવ્યું છે. પ્રાથમિક શાળાના આચાર્ય તેમજ શિક્ષકો દ્વારા સાથ સહકાર મળ્યો હતો.

પ્રાથમિક શાળાના બાળકોને ચોપડા બોલપેનની વિતરણ કાર્યવાહીમાં સંસ્થાના કન્વીનર જે.એલ. શાહ, એમ.આર. શાહ, મંત્રી વી.ડી. શાહ, સહમંત્રી દશરથલાલ પરમાર, અક્ષયભાઈ રાણા, સોમાભાઈ પરમાર, મીનાબેન શાહ અને મનીલાબેનની સેવાઓ મળી હતી. પૂર્વ પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીના સૌજન્યથી તેમના ધર્મપત્ની સ્વ. રમીલાબેનની સ્મૃતિમાં સેકટર-૨૮ બહેરા-મુંગા શાળાના બાળકોને નોટબુક-બોલપેનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. તારાબેન જયંતિલાલ સુથાર, ઉ.વ. ૭૦
- સ્વ. રમણજી ગલાબજી ઠાકોર, ઉ.વ. ૩૫
- રમેશભાઈ શંકરભાઈ પટેલ, ઉ.વ. ૬૦
- સ્વ. દિપકકુમાર નગીનદાસ પુરાણી, ઉ.વ. ૨૯